જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦      ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૩૧/૦૮/૨૦૧૮ શુક્રવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-    સમાચાર યાદી નં.૧૬૮૩/૧૮

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૬ કેસ કરી, ૩૨ વ્યક્તિઓને ઝડપી, ૩૫૪ લીટર દેશી દારૂ, ૩૦૬ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧૮૮ ઇંગ્લીશ ક્વૉટર, ૦૮ બિયર ટીન, ૦૧ સ્કૂટર અને ૦૧ રીક્ષા કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૭ કેસ કરી ૧૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૧૨,૮૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-    સમાચાર યાદી નં.૧૬૮૪/૧૮

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૨૫૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## વિશ્વાસઘાત અને છેતરપીંડી :-    સમાચાર યાદી નં.૧૬૮૫/૧૮

**ઓઢવ** : વૈભવભાઇ પ્રવિણચંન્દ્ર શાહ (ઉ.વ.૩૮)(રહે,સુમંગલ ફલેટ એચ.ડી.એફ.સી.બેંક પાસેની ગલીમાં મીઠાખળી છ રસ્તા પાસે નવરંગપુરા) એ તા.૩૦/૦૮/૨૦૧૮ નારોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે માર્ચ/૨૦૧૬ થી ડીસેમ્બર/૨૦૧૭ સુધીના સમયગાળા દરમ્યાન ઓઢવ જી.આઇ.ડી.સી.ખાતે આવેલ શેડ નંબર- સી/૪૨ માં આવેલ "ઇકવીનોક્ષ ઇમ્પેક્ષ" નામની વૈભવભાઇની કંપનીમાં અમિત વિજય મીતલ (રહે,નીલકંઠ એવન્યુ રેડીયો મીર્ચી રોડ પ્રહલાદનગર) અવાર-નવાર આવી, "હું બહુ તકલીફમાં છુ" તેમ કહી વિશ્વાસ કેળવી, વૈભવભાઇ ને "તમે મને કાચો માલ આપશો તો સારો એવો નફો કરાવી આપીશ" તેવી લાલચ આપી, વૈભવભાઇ પાસેથી ભાવના ટેક્ષટાઇલ તથા પુજા ડાયટીકસ રીએકટીવ ડાયસ નામનો કાચો માલ કુલ ૨૬૭૫ કિ.ગ્રા. કિંમત રૂપિયા ૯,૦૨,૬૮૮/- મતાનો તથા યામાહા મોટર સાયકલ નંબર જીજે.૦૧.એસ.એક્સ.૩૫૩૦ કિંમત રૂપિયા ૧,૨૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧૦,૨૨,૬૮૮/- મતા ને કયાંક સગે-વગે કરી નાંખી, વૈભવભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી આર.જી.જાડેજા ચલાવે છે.

**તળાવના પાણીમાં ડુબી જતાં મૃત્યુ :** **સમાચાર યાદી નં.૧૬૮૬/૧૮**

**દાણીલીમડા** : રેહાન સ/ઓ મોહમદહુસેન શેખ (ઉ.વ.૧૩)(રહે,શાહઆલમ નગર આર.એમ.પાનના ગલ્લાની પાછળ બેરલ માર્કેટ દાણીલીમડા) તા.૩૦/૦૮/૨૦૧૮ બપોરના ૨/૩૦ વાગ્યાના સુમારે ચંડોળા તળાવ ના પાણીમાં પડી જવાથી તેનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એમ.ચાવડા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૬૮૭/૧૮**

**સાબરમતી** : સંતોષકુમાર રામખિલાવન મોર્ય (ઉ.વ.૨૭)(રહે, અદાણીપ્રથમના પાંચમાં માળે ત્રાગડ રોડ સાબરમતી) એ કોઇ અગમ્ય કારણસર તા.૨૯/૦૮/૨૦૧૮ ના રોજ કોઇપણ સમયે પોતાના ઘરે સિલીંગ ફ્રેન સાથે રસ્સી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી શનાભાઇ ધુળાભાઇ ચલાવે છે.

રીવરફ્રન્ટ ઇસ્ટ : ગૌરીબેન નટવરલાલ મકવાણા (ઉ.વ.૬૨)(રહે,આર.આર.શુક્લાની ચાલી જુનાવાડજ) એ બીમારીથી કંટાળી જઇ તા.૩૦/૦૮/૨૦૧૮ બપોરના ૨/૦૦ વાગ્યાના સુમારે ઉસ્માનપુરા ગાર્ડન રીવરફ્રન્ટ નજીક સાબરમતી નદીમાં ડુબી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ ઇસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એમ.ગજ્જર ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.